# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

જ્યોતિર્મય પરિસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ– ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-382 481
**Website : www.baou.edu.in**

**ટેન્ડર દસ્તાવેજ**
**(બિન તબદીલ પાત્ર)**

# કેટરીગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ મેળવવા માટે ઈ–ટેન્ડર
# E- Tender for providing catering services

## ટેન્ડર જાહેરાત ક્રમાંકઃ
**બાઆંઓયુ/વહટ/કેટરીગ/૨૦૧૯**

**ટેન્ડર આમંત્રિત કરનારઃ**
કાર્યકારી કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
જ્યોતિર્મય પરિસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ–ગાંધીનગર હાઈ વે,
છારોડી, અમદાવાદ – ૩૮૨ ૪૮૧.

સહી/–
અવાચ્ય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ હસ્તકના છારોડી કેમ્પસ ખાતે
વાર્ષિક ધોરણે કેટરીંગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ મેળવવા
ઈજારો આપવા એજન્સી નકકી કરવા અંગે ઈ–ટેન્ડર

# ટેન્ડર અનુક્રમણિકા


| ક્રમ | વિગતો | પાના નંબર |
|---|---|---|
| ૧) | ટેન્ડર શિડયુલ<br>(પરિશિષ્ટ – ૧) | 03 |
| ૨) | કેટરીંગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવા અંગેના ટેન્ડરનો સમયગાળો, સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ<br>(પરિશિષ્ટ – ૨) | 04 |
| ૩) | કેટરીંગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની ટેન્ડરર તરીકેની લાયકાત, ટેન્ડર અંગે અધિકાર (પરિશિષ્ટ – ૩) | 05-06 |
| ૪) | કેટરીંગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવા આવશ્યક શરતો<br>(પરિશિષ્ટ – ૪) | 07-08 |
| ૫) | ટેન્ડર ફોર્મ ભરવા અને રજૂ કરવા અને ઓપનીંગ અંગે<br>(પરિશિષ્ટ – ૫) | 09-10 |
| ૬) | ટેન્ડરના ભાવ અને સમય મર્યાદા, સ્વિકૃતિ અને ટેન્ડર કયારે રદ્ બાતલ ગણાય<br>(પરિશિષ્ટ – ૬) | 11-12 |
| ૭) | ટેકનીકલ લાયકાતના ફોર્મ<br>(પરિશિષ્ટ – ૭) | 13-15 |
| ૮) | કેટરીગ સેવા સામેના ભાવ પત્રક<br>(પરિશિષ્ટ – ૮) | 16-18 |
| ૯) | કેટરીંગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ અંતર્ગતના કરારનામાં<br>(પરિશિષ્ટ – ૯) | 19-21 |
| ૧૦) | બાહેધરી પત્રક<br>(પરિશિષ્ટ – ૧૦) | 22 |

# : Tender Schedule:

| Sr. | Schedule | Details |
|---|---|---|
| 1) | Online Tender Publishing Date & Time | Date: 07/03/2019 Time: 11.00 a.m. |
| 2) | Pre Bid Meeting with Vendors at BAOU (Date & Time) | Date: 14/03/2019 Time: 12.30 p.m. |
| 3) | Online Tender Closing (Date & Time) | Date: 27/03/2019 Time: 6.00 p.m. |
| 4) | Submission of Tender Documents i.e. Tender form, Tender fee, EMD, Technical Documents in sealed cover. (Through R.P.A.D/Speed Post/ or Hand Delivery at BAOU) | Date: 29/03/2019 Time: 5.30 p.m. |
| 5) | Approx. amount of Work | INR 20/- lakh and above |
| 6) | Tender Process Fee | Inr. 1,500/- |
| 7) | Earnest Money Deposit | Inr. 60,000/- |
| 8) | Security Deposit | As per Govt. of Gujarat Purchase Rules at the time of finalization of rates/party. |
| 9) | Technical Bid Opening | Date: 01/04/2019 Time: 1.00 p.m.<br>Place: Meeting Room,<br>"Jyotirmay Parisar"<br>Dr. Babasaheb Ambedkar Open University Marg, S.G. High Way, Charrodi, Ahmedabad – 382481. |
| 10) | Financial Bid Opening | Date: 01/04/2019<br>Time: Will be announced at the time of Technical Bid Opening |
| 11) | Validity of quoted Rates | 180 days (after day of Bid Opening) |
| 12) | Work Place of E-Tender Work | Dr. Babasaheb Ambedkar Open University, "Jyotirmay Parisar",<br>Dr. Babasaheb Ambedkar Open University Marg, S. G. High-Way, Chharodi, Ahmedabad- 382481. |

**પરિશિષ્ટ – ૨**

## કેટરીગ, લંચ, ડિનર અને ચા–નાસ્તાની સેવાઓ પૂરી પાડવા અંગેના ટેન્ડરનો સમયગાળો, સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ

**યુનિવર્સિટી અંગે માહિતીઃ**

1. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત સ્વાયત સંસ્થા છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમો રાજયમાં સ્થાપવામાં આવેલ અલગ–અલગ અભ્યાસ કેન્દ્રો ઉપર ચલાવવામાં આવે છે. આ યુનિવર્સિટીના કેમ્પસ ખાતે રજત જયંતિ ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સેમીનાર, કોન્વોકેશન, વિવિધ કમિટિઓની બેઠક, ગણતંત્ર દિવસ અને સ્વાતંત્રય દિવસ ઉજવણી વગેરે વિવિધ કાર્યક્રમો દરમ્યાન કેટીરીગની સેવાઓ કાર્યક્રમો અનુસાર પૂરી પાડવા માટે ૧ વર્ષનો ઈજારો આપવાનો થાય છે.

**ટેન્ડરનો સમયગાળોઃ**

2. આ સેવાઓનો સમયગાળો નિમણૂંક માટેની નિયત થયેલ તારીખથી એક વર્ષનો રહેશે. ત્યારબાદ યુનિવર્સિટીની નિયત સમિતિના નિર્ણયાનુસાર મંજૂરી આધિન આ સેવાઓનો સમયગાળો મહત્તમ એક વર્ષ સુધી લંબાવી શકાશે.

**સામાન્ય શરતોઃ**

3. ટેન્ડરરે ટેન્ડર ભરતાં પૂર્વે જે સ્થળે કેટરીગની (લંચ, ડિનર અને હાઈ ટી) સેવાઓ પૂરી પાડવાની છે તે સ્થળ/કેમ્પસની સ્વ–ખર્ચે રૂબરૂ આવીને સ્થળ તપાસ કરી લેવાની રહેશે.
4. ટેન્ડર સામે કેટરીંગની સેવા સતત/ દૈનિક ધોરણે પૂરી પાડવાની નથી, કેટરીગ સેવા ફકત કાર્યક્રમ આધારિત રહેશે.
5. લાગુ પડતાં તમામ કાયદાઓનુ ટેન્ડરરે પાલન કરવાનુ રહેશે.
6. ટેન્ડરરની કંપની/ ઓફિસ અમદાવાદ કે ગાંધીનગર ખાતે હોવી આવશ્યક છે.
7. ટેન્ડર કાર્યવાહી દરમ્યાન ટેન્ડરરના નામ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહિ.
8. યુનિવર્સિટીને સદર ટેન્ડર પ્રકિયા સમગ્રપણે ગમે ત્યારે રદ્ કરવાનો અબાધિત અધિકાર છે. જે અંગે ટેન્ડરર કોઈપણ પ્રકારનો વાંધો લઈ શકશે નહિ.
9. ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો અને સૂચનાઓ, લાયકાત, બોલીઓ વગેરે તથા ટેન્ડરર અને યુનિવર્સિટી વચ્ચે થનાર કરાર કેટરીગ સેવાઓના ટેન્ડરનો જ ભાગ ગણાશે.
10. ટેન્ડરની તમામ શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ, અસ્વિકૃતિ, નિયમોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

**પરિશિષ્ટ – ૩**

## ટેન્ડરર તરીકેની લાયકાતઃ

1. આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરરને કેટરીગની સેવાઓ પૂરી પાડવાનો ઓછામાં ઓછા ત્રણ (3) વર્ષનો અનુભવ સાથે આ પ્રકારની સેવાઓ પૂરી પાડવા માટે કાયદેસર રીતે નોંધાયેલ ફર્મ/એજન્સી/કંપની/સંસ્થા/ કોન્ટ્રાકટર/ પેઢી હોવા ફરજીયાત છે.
2. ટેન્ડરર જી.એસ.ટી. રજીસ્ટ્રેશનમાં કેટરીગ સેવાઓ તરીકે નોંધાયેલ હોવા આવશ્યક છે. અન્યથા ટેન્ડર ભરવા માટે લાયક ઠરશે નહિ.
3. ટેન્ડરર પાસે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ હેઠળ નોંધણી થયેલ હોવા આવશ્યક છે.
4. ટેન્ડરર પાસે ખોરાક અને ઔષધનિયમન તંત્ર, ગુજરાત સરકારના ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ ૨૦૦૬ હેઠળના લાયસન્સ હોવા ફરજીયાત છે. આ નોંધણી/ નંબર ટેન્ડર ઓપનીગ સમયે કાર્યરત/ રિન્યુ થયેલ હોવા આવશ્યક છે.
5. ટેન્ડરર પાસે આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબર, પ્રોફેશનલ ટેક્ષ નંબર હોવા આવશ્યક છે. આ તમામ નોંધણી/ નંબર ટેન્ડર ભરતા સમયે કાર્યરત/ રિન્યુ થયેલ હોવા જોઈએ.
6. ટેન્ડરરે છેલ્લા બે નાણાંકીય વર્ષ પૈકી કોઈ એક વર્ષમાં સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, નિગમો, બોર્ડ, યુનિવર્સિટીઓ (આ યુનિવર્સિટી સિવાય) કે રાષ્ટ્રીયકૃત/ ખાનગી બેંકો, જાહેર સાહસો, પ્રાઈવેટ/ લીમીટેડ કંપનીઓ, કોર્પોરેટ કચેરીઓ, હોસ્પિટલ વગેરે પૈકી કોઈપણ એક એકમમાં એકજ ઓર્ડર સામે રૂપિયા 5/- (પાંચ) લાખ કે તે ઉપરાંતનુ કામ કરેલુ હોવુ જોઈએ. જે માટેના ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણીત કરેલ પ્રમાણપત્ર અચૂક જોડવાના રહેશે. તેમજ તે સંસ્થાનો વર્ક ઓર્ડર અને કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ હોવાના પ્રમાણપત્ર અવશ્ય બિડાણ કરવાના રહેશે.
7. ટેન્ડરરનું છેલ્લા બે નાણાંકિય વર્ષનુ મીનીમમ કુલ ટર્ન ઓવર 20/- લાખનુ અને દર એક નાણાંકીય વર્ષનુ લઘુતમ ટર્ન ઓવર 10/- લાખ હોવુ જોઈએ. જે માટેના ચાર્ટડ એકાઉન્ટ દ્વારા પ્રમાણીત કરેલ પ્રમાણપત્ર તેમજ બન્ને વર્ષના હિસાબોની ચાર્ટડ એકાઉન્ટ દ્વારા પ્રમાણિત કરેલ નકલ અચૂક જોડવાના રહેશે. અન્યથા ટેન્ડરર ટેન્ડર ભરવા માટે લાયક રહેશે નહિ.
8. ટેન્ડર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ કરેલા હોવા જોઈએ તથા પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. તે રીતે ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ કે સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેના નોંધણી નંબર, બંધારણ અને પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝડ દસ્તાવેજ હોવા આવશ્યક છે.

9. કેટરીગ કામના બિન અનુભવી એજન્સી, સંસ્થા કે કંપની કે કોન્ટ્રાકટર તરફથી ભરવામાં આવેલના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.
10. ટેન્ડરરે પોતે માલિકી/ ભાગીદારી પેઢી/ પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/ તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાની રહેશે. તે સિવાય રજૂ કરેલ ટેન્ડર ફોર્મ માન્ય રહેશે નહિ.
11. ટેન્ડરર કંપનીના સરનામાં/ સંપર્ક નંબરમા ફેરફાર થવાના કિસ્સામાં તેમજ ભાગીદારોમાં ફેરફાર થાય તેવા સંજોગોમાં કંપનીના લેટરપેડ ઉપર યુનિવર્સિટીને તાત્કાલીક લેખીતમાં જાણ કરવાની રહેશે.

**ટેન્ડર અંગેના અધિકાર**

યુનિવર્સિટીને ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો, બોલીઓમાં સંજોગો આધિન કોઈપણ શરત/ શરતો ઉમેરવાનો કે કમી કરવાનો અબાધિત અધિકાર રહેશે.

## કેટરીગ, લંચ, ડીનર, અને ચા–નાસ્તાની સેવાઓ પૂરી પાડવા આવશ્યક શરતો

1. કેટરીગ સેવાઓ માટે લાઈટ તથા રસોઈ બનાવવાના પાણીની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે. તે સિવાય અન્ય વ્યવસ્થા જેમકે, રસોઈ–નાસ્તા તૈયાર કરવા માટેના રસોયા, લંચ–ડિનર પીરસવાની સેવાઓ માટેના કાઉન્ટર વાઈઝ ડ્રેસ કોડ સાથેના સર્વિસ મેન, મજુર, રસોઈ માટેના વાસણો, ગેસ–ચુલા, સર્વિસ માટેના વાસણો, ભોજન પીરસવા માટે કાઉન્ટર ટેબલ, ટેબલ કલોથ, ટી સેટ, ડિનર સેટ (મેલામાઈન), પેપર નેપકીન, પ્લાસ્ટીકના ગ્લાસ, પાણીની નળી અને અન્ય આનુષાંગીક વ્યવસ્થા કેટરર્સ દ્વારા કરવાની રહેશે. આ તમામ વ્યવસ્થા કેટરીગની વ્યવસ્થાનો ભાગ હોઈ તેના અલગ ભાવ ગણવાના રહેશે નહિ.
2. VIP કાઉન્ટર પર ડ્રેસકોડ સાથેના સર્વિસ મેન તથા VIP ડાઈનીંગ ટેબલ ઉપર પીરસવા માટેના ડ્રેસકોડ સાથેના એમ બંને પ્રકારના સર્વિસ મેનની વ્યવસ્થા કરવાની રહેશે. તે જ પ્રમાણે ડીશની સંખ્યા અને સુચારૂ વ્યવસ્થાના ભાગ તરીકે જેટલા કાઉન્ટર કરવાના થાય તેની વ્યવસ્થા કરવાની રહેશે. આ તમામ વ્યવસ્થા કેટરીગની વ્યવસ્થાનો ભાગ હોઈ તેના અલગ ભાવ ગણવાના રહેશે નહિ.
3. કેટરર્સે યુનિવર્સિટીની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. યુનિવર્સિટી દ્વારા મેન્યુ, કેટરીગ સેવા પૂરી પાડવાના સમય, ભોજન–નાસ્તાની ગુણવતા, ચોખ્ખાઈ, વગેરેની ચકાસણી કરવામાં આવશે જે માટે પાર્ટી ઈન્કાર કરી શકશે નહિ. સામગ્રીની ચકાસણીમાં કોઈપણ પ્રકારની અયોગ્યતા માલુમ પડશે તો યુનિવર્સિટી ઓથોરીટી નકકી કરે તે દંડ ભરપાઈ કરવાના રહેશે.
4. લંચ, ડિનર તથા નાસ્તા માટે યુનિવર્સિટી દ્વારા ટેન્ડરમાં દર્શાવેલ મેન્યુમાંથી જે આઈટમ સૂચવવામાં આવે તે બનાવવાના રહેશે.
5. કેટરર્સ દ્વારા લંચ, ડીનર માટે તાજાં અને ખાદ્ય શાકભાજી, ફળ, બ્રેડ, તેલ, લોટ, મીઠાઈ અને અન્ય સામગ્રી ઉચ્ચ ગુણવતાવાળી/ બ્રાન્ડેડ તથા બ્રાંન્ડેડ મસાલાનો જ ઉપયોગ કરવાનો રહેશે. રસોઈમાં ઉચ્ચ પ્રકારની ગુણવતા અને ચોખ્ખાઈ રાખવાની રહેશે. ઘી માંથી બનતી મીઠાઈમાં શુધ્ધ દેશી ઘી નો જ ઉપયોગ કરવાનો રહેશે.
6. કેટરર્સ દ્વારા રોકવામાં આવનાર રસોયા, મજુર અને સેવાકીય સ્ટાફ સ્વચ્છ, સાફ–સુથરા અને સ્વચ્છ કપડામાં હોવા આવશ્યક છે. તેઓનો સ્ટાફ બીડી, પાન–મસાલા, ગુટખા, શરાબ અને એવી કોઈ નશાકીય સામગ્રી વગેરેનો ઉપયોગ યુનિવર્સિટી કેમ્પસમાં કરી શકશે નહિ અને જો આ પ્રકારની ગેરરીતી આચરશે તો યુનિવર્સિટી દ્વારા નકકી થાય તે દંડ કેટરર્સે ભરવાનો રહેશે.

7. કેટરીંગ સેવા અંતર્ગત રસોઈ, નાસ્તા, ચા-કોફી કેમ્પસની અંદર જ કરાવવાના રહેશે. રસોઈ કે નાસ્તા બહારથી તૈયાર કરીને લઈ આવી શકાશે નહી.

8. કેટરર્સ દ્વારા રસોઈ પીરસવા રોકવામાં આવનાર સ્ટાફ માથામાં પ્લાસ્ટીક કેપ, હાથ–મોજા, એપ્રોન સાથે હોવા આવશ્યક છે.

9. કેટરર દ્વારા તૈયાર કરી પૂરા પાડવામાં આવનાર ભોજન, નાસ્તા, ચા–કોફી વગેરે થકી ફુડ પોઈઝન થશે તો તે અંગેની કાયદાકીય અને અન્ય જવાબદારી સેવાઓ આપનારની રહેશે તેમજ તેના માટે યુનિવર્સિટીની ઓથોરીટી નકકી કરે તે કાયદાકીય પગલા અને પેનલ્ટી લઈ શકાશે.

10. કેટરીંગની સેવાઓ દરમ્યાન કેટરર ફર્મના કે તેઓના સ્ટાફ દ્વારા યુનિવર્સિટીની માલ–મિલ્કતને કોઈપણ પ્રકારના નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

11. કેટરીગ સેવાઓ બાદ વણ વપરાયેલ ભોજન, નાસ્તા તથા ભોજન બાદ એકઠા થયેલ એંઠવાડનો યુનિવર્સિટી કેમ્પસમાં નિકાલ / નાશ કરી શકાશે નહી. તેમજ કેમ્પસની બહાર પણ નિયત થયેલ સ્થાને નિકાલ કરવાની જવાબદારી કેટરીગ સેવા પૂરી પાડનાર ફર્મની રહેશે. જે–તે ટંકના નાસ્તા–ભોજનની સેવાઓ પૂરી થયા બાદના એકઠા થયેલ એઠવાડ, કચરો વગેરે એક જ કલાકમાં ઉપાડી લઈને નિકાલ કરવાના રહેશે. અન્યથા યુનિવર્સિટી દ્વારા નકકી થાય તે દંડ ભરપાઈ કરવાનો રહેશે.

12. લંચ, ડિનર, ચા અને નાસ્તા માટેની સંખ્યા, કાઉન્ટરોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા નકકી કરી લેખીત ઓર્ડરના સ્વરૂપમાં આપવામાં આવશે. આ સંખ્યામાં વધ–ઘટ થઈ શકશે. જે મુજબની સેવાઓ આપવાની રહેશે. ચૂકવણાં માટે ખરેખર થયેલ લંચ, ડિનર, ચા–નાસ્તાની ડીશની સંખ્યા ગણતરીમાં લેવાશે.

13. યુનિવર્સિટીને કેટરીગની સેવાઓની ગુણવતા યોગ્ય નહિ જણાય તો કામ રદ્ કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. જેની નુકશાની માટે કોઈ રકમ ભરપાઈ કરવામાં આવશે નહિ કે કાયદાકીય દાવો પણ કરી શકાશે નહી.

14. ગુજરાત ફુડ સેફટી નિયમ તથા આ સેવાઓ અન્વયે અન્ય સંબધિત નિયમ હેઠળની જોગવાઈ મુજબ જે કોઈ જવાબદારી થતી હશે તે કેટરીગ સેવાઓનો ભાગ ગણાશે. તે પ્રમાણે ફર્મના કોઈપણ સંવર્ગના સ્ટાફની સુરક્ષા તથા લેબર કાયદા હેઠળ કાયદાકીય જવાબદારી, ફરજ અને પૂર્તતાની જવાબદારી પણ કેટરર્સની રહેશે.

15. કેટરીગની સેવાઓ પૂરી પાડવા સામે કોઈપણ પ્રકારની એડવાન્સ રકમ ચૂકવવામાં આવશે નહિ.

16. કેટરીગ સેવાઓ સામે કોઈપણ કાયદાકીય વિવાદ બાબતે Subject to Ahmedabad Jurisdiction રહેશે.

## ટેન્ડર ફોર્મ ભરવા અને રજૂ કરવા અને ઓપનીંગ અંગે

1. યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડર ગુજરાત રાજય સરકારશ્રીના એકમ N-Code મારફતે ઓન–લાઈન ભરવાના રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવા અને ડાઉનલોડ કરવાનુ સરનામું http:\baou.nprocure.com છે.
2. ટેન્ડર સામે પ્રોસેસ/ફોર્મ ફી (નોન–રીફંડેબલ) પેટે રૂા.1,500/-ની રકમ ડિમાન્ડ ડ્રાફટ/ બેકર્સ ચેક પૈકી કોઈપણ એક સ્વરૂપે કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામે, અમદાવાદ તરફેણનો બિડાણ કરવાનો રહેશે.
3. ટેન્ડરરે ટેન્ડરની તમામ શરતો કાળજી પૂર્વક વાંચી, સમજીને ટેન્ડર ભરવાનુ રહેશે. કોઈપણ જાતના શરતી ટેન્ડરો સ્વિકારવામાં આવશે નહિ.
4. ટેન્ડર સામે માંગવામાં આવેલ વિગતોના તમામ દસ્તાવેજો, આધારભૂત કાગળો સ્વયં પ્રમાણિત કર્યાના સહી સિકકા સાથેની પ્રમાણિત નકલો બિડાણ કરવાની રહેશે. ટેકનીકલ બીડ ઓપન કર્યા બાદ ટેન્ડરરના કોઈપણ દસ્તાવેજ કે રજૂઆત સ્વિકારવામાં આવશે નહિ.
5. ટેન્ડર સાથે જે કોઈ પુરાવા/ દસ્તાવેજોની નકલો માંગવામાં આવેલ છે તે તમામ દસ્તાવેજોની મૂળ નકલ ટેન્ડર ઓપનીગ સમયે ચકાસણીના હેતુસર રજુ કરવાની રહેશે.
6. ટેન્ડર કાર્યવાહીના શિડયુલ મુજબ નિયત તારીખ–સમય બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.
7. ટેન્ડરરે નિયત કરવામાં આવેલ ટેકનીકલ બીડમાં માંગેલ વિગતો ઓન–લાઈન ભરીને, સંબધિત દસ્તાવેજો સાથે ટેન્ડર ફોર્મ રજૂ કરવાના રહેશે. ફકત ઓન–લાઈન ટેન્ડર ફોર્મ ભરેલ હશે અને દસ્તાવેજો રજૂ કરેલ નહિ હોય તો તે ટેન્ડર ગેરલાયક ઠરશે.
8. ટેન્ડરરે નીચે મુજબ સમગ્ર ટેન્ડર રજૂ કરવાના રહેશે. આ <u>તમામ કવરો તેના મથાળા સાથે ટેન્ડરરના સિકકા–સહી કરી સીલબંધ રજુ કરવાના રહેશે</u>.

   8.1 પ્રથમ કવરઃ ટેન્ડર પ્રોસેસ/ ફોર્મ ફી મૂકીને "<u>ટેન્ડર પ્રોસેસ/ ફોર્મ ફી કવર</u>" એમ લખવાનુ રહેશે.

   8.2 બીજુ કવરઃ ઈ.એમ.ડી રકમ મૂકીને "<u>ટેન્ડર ઈ.એમ.ડી. ફી</u>" નુ કવર એમ લખવાનુ રહેશે

   8.3 ત્રીજુ કવરઃ ટેકનીકલ દસ્તાવેજો મૂકીને "<u>ટેકનીકલ બીડનુ કવર</u>" એમ દર્શાવવાનુ રહેશે.

   ઉપરોકત ક્રમ 8.1 થી 8.3 ના કવર એક મોટા કવરમાં મૂકીને મોટા અક્ષરે **"<u>કેટરીગ, (લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવા અંગેના ઈ–ટેન્ડર</u>"** તેમ લખી રજૂ કરવાનુ રહેશે.
9. કોઈપણ ટેન્ડરર તેઓનુ ટેન્ડર નિયત સમયમાં રજૂ કર્યા પછી તેઓના ટેન્ડર ના ખોલવા કે પરત લઈ લેવા માટેની લેખીત કે મૌખીક રજુઆત કરશે તો તે માન્ય રહેશે નહિ. જો ટેન્ડરર તેમ કરવા માંગશે તેઓની ઈ.એમ.ડી રકમ જપ્ત કરવામાં આવશે.

10. ભરેલા ટેન્ડર સ્વિકારવા કે ન સ્વિકારવાનો નિર્ણય લેવાનો યુનિવર્સિટીને અબાધિત અધિકાર રહેશે.
11. આ કામની પ્રિ બીડ મીટીંગ વખતે ટેન્ડર સંબધિત સેવાઓ અંગે કોઈ પ્રશ્ન હશે તો તેની જાણકારી આપવામાં આવશે. જેમાં ટેન્ડર ભરવા માંગનાર પાર્ટી ટેન્ડર શિડયુલની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકે છે. તેમજ જે સ્થળે સેવાઓ પૂરી પાડવાની છે તે સ્થળની રૂબરૂ મુલાકાત લઈ સ્થાનિક સ્થળની પરિસ્થિતી કામગીરીનો પ્રકાર, યુનિવર્સિટને સેવાઓની જરૂરીયાત વગેરેથી સુ–માહિતગાર થઈ શકશે.
12. પ્રથમ પ્રાયમરી લાયકાત અંગે ઓન–લાઈન વિગત તથા ફીઝીકલ જમા કરાવેલ સીલબંધ કવર (ટેન્ડર પ્રોસેસ ફી અને ઈ.એમ.ડી ફી) કમિટિ/ હાજર હશે તે પાર્ટીઓના પ્રતિનિધિશ્રીઓની સમક્ષ ઓપન કરવામાં આવશે. જે પાર્ટીઓ પ્રાયમરી લાયકાતમાં યોગ્ય ઠરતાં હશે તેઓની ટેકનીકલ બીડ ઓપન કરવામાં આવશે.
13. બીજા તબકકામાં ટેકનીકલ લાયકાત અંગેની ઓન–લાઈન વિગત અને ફિઝીકલ જમા કરાવેલ દસ્તાવેજોના સીલબંધ કવર કમિટિ/ હાજર રહેલ પાર્ટીઓના પ્રતિનિધિશ્રીઓની સમક્ષ ઓપન કરવામાં આવશે. જે ટેન્ડરર પાર્ટી ટેકનીકલ લાયકાતમાં યોગ્ય ઠરતી હશે તેવાના જ ઓનલાઈન ભાવપત્રક ઓપન કરવામાં આવશે.
14. ટેન્ડર ઓપન કર્યા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ટેન્ડર કે ભાવપત્રક પરત ખેંચી લઈ શકશે નહિ. જો કોઈપણ ટેન્ડરર તેમ કરશે/ કરવા માંગશે તો તેઓની અર્નેસ્ટ મની ડિપોઝીટ જપ્ત કરી આવા ટેન્ડરર ભવિષ્યમાં આ પ્રકારના ઈજારા ભરવા માટે ગેરલાયક ઠરશે.

## ટેન્ડરના ભાવો અને સમયમર્યાદા

1. ટેન્ડરમાં માંગેલ તમામ વિગતો સામે લાગુ પડતાં તમામ ટેક્ષ, સેવાઓ કચેરી ખાતે પહોચતાં કરવી એમ તમામના સમાવેશ સાથે ભાવ આપવાના રહેશે.
2. મંજૂર થાય તે ભાવ વન–ટાઈમના રહેશે કે જે કરારમાં નકકી થયા તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. તેમ છતાં જરૂર જણાયે આ કરારનો સમયગાળો સરકારશ્રીના નિયમોની જોગવાઈ અનુસાર લંબાવી શકાશે. આ સમગ્ર સમયગાળા દરમ્યાન નિયત ભાવ ઉપરાંતનો કોઈપણ વધારો આપવામાં આવશે નહિ, કે અન્ય કોઈ ટેક્ષ વધારો લાગુ પાડી શકાશે નહિ.
3. ટેન્ડર સામે આપવામાં આવેલ ભાવો ટેન્ડર ખોલ્યા તારીખથી 180 દિવસ સુધી અમલમાં રહેશે. આ સમય દરમ્યાન ટેન્ડરર તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહિ.
4. જે ટેન્ડરરે સૌથી નીચા ભાવ ભરેલ હશે તેને કોન્ટ્રાકટ આપવામાં આવશે. પરંતુ સૌથી નીચા ભાવ જો કાર્યક્ષમ નહિ જણાય તો સેકન્ડ કે થર્ડ લોએસ્ટના ભાવો ધ્યાનમાં લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
5. જે ટેન્ડરરના ભાવ ટેન્ડર સામે જણાવેલ તમામ કામગીરી/સેવાઓ પૈકી સૌથી વધુ કામગીરી/સેવાઓ સામે સૌથી ઓછા આવેલ હશે તે પાર્ટીને પ્રથમ અગ્રતાક્રમ આપવામાં આવશે. પરંતુ તેઓએ બાકી રહેતી કામગીરી/સેવાઓ માટે અન્ય પાર્ટીના ઓછા આવેલ ભાવ મુજબ કામગીરી/સેવાઓ કરવાની રહેશે.

## ટેન્ડરની સ્વિકૃતિ

1. ટેન્ડરમાં ભરાઈને આવેલ ભાવ યુનિવર્સિટી દ્વારા મંજૂર કર્યાની અને આ સેવાઓ પૂરી પાડવા માટેની ટેન્ડરર સંમત છે તે મુજબના લેખીત સંમતિપત્ર મેળવવા અત્રેથી લેખીતમાં જાણ કરવામાં આવશે.
2. ટેન્ડર માન્ય રાખવું કે નહિ તે અંગેની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીની રહેશે.
3. ટેન્ડરની તમામ બાબતો, કોઈપણ ટેન્ડર મંજૂર/ ના મંજૂર કરવા માટે યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે. આમાં નીચા ભાવનું ટેન્ડર સ્વિકાર કરવો કે નહિ તેનો પણ સમાવેશ થાય છે.
4. ટેન્ડર/ કરારની કોઈપણ શરતોમાં સુધારા–વધારા કરવા, રદ્ કરવી, ઉમેરો કરવો કે કોઈપણ શરતોના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા યુનિવર્સિટીની રહેશે.
5. ટેન્ડર અંગે કોઈપણ પત્ર વ્યવહાર કે ટેલીફોન કે રૂબરૂ મળીને કે અન્ય કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરનાર પાર્ટીઓનુ ટેન્ડર રદ્ કરવામાં આવશે. તેમજ ટેન્ડરર તરીકે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
6. સ્વિકૃત થયેલા ટેન્ડરરે સ્વખર્ચે યુનિવર્સિટી સાથે રૂા.50/-ના મૂલ્યના નોન–જયુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનુ રહેશે.

## ટેન્ડર કયારે રદ્ બાતલ ગણાશે?

1. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ્ બાતલ ગણાશે.
2. ટેન્ડર ફોર્મમા જણાવેલી લઘુત્તમ લાયકતો કે કોઈપણ એક લાયકાત નહિ ધરાવનાર કોઈપણ ટેન્ડરર/ એજન્સી/ કોન્ટ્રાકટર/ /ભાગીદારી પેઢી તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ્બાતલ ગણવામાં આવશે.
3. ટેન્ડરર દ્વારા ટેન્ડર ફોર્મમા જણાવવામાં/ ભરવામાં આવેલ માહિતી અને બિડાણ કરેલ દસ્તાવેજો કોઈપણ સમયે ખોટા જણાશે તો ટેન્ડરરની સેવાઓ તાત્કાલીક અસરથી રદ્ કરવામા આવશે. તેમજ સિકયુરીટી ડિપોઝીટ જપ્ત લઈ પાર્ટીને બ્લેક લીસ્ટ જાહેર કરવામાં આવશે.
4. કોઈપણ વ્યકિત/ઓ કે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોય અથવા આ યુનિવર્સિટીના કર્મચારી હોય તે / તેવાઓ એજન્સી સાથે ભાગીદારી રીતે કે સીધા કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે સંકળાયેલ હોવા જોઈએ નહિ. તેવી કોઈપણ બાબત યુનિવર્સિટીન ધ્યાન ઉપર આવશે તો ટેન્ડર રદ્ બાતલ ગણાશે.
5. ઓછી રકમની ઓફર કરનાર, કૃત્રિમ રીતે લોએસ્ટ હોય પણ ટેન્ડરની ટેકનીકલ અને અન્ય શરતો પૂર્ણ કરતા ના હોય તેવા ટેન્ડર મૂળેથી રદ્બાતલ ગણવામાં આવશે.
6. તે જ પ્રમાણે ટેન્ડર સામે કૃત્રિમ ભાવ / અસાધારણ વધારે / ગેર વ્યાજબી ભાવ જણાશે તો, સમગ્ર ટેન્ડર કાર્યવાહી રદ્ કરવામાં આવશે.
7. ટેન્ડરની કાર્યવાહી પહેલા, દરમ્યાન કે આખરીકરણ સમયે કોઈપણ પ્રકારનુ રાજકીય, વહિવટીય કે અન્ય પ્રકારના અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર કે તેવો પ્રયત્ન કરનાર પાર્ટીનુ ટેન્ડર રદ્ બાતલ ગણવામાં આવશે.
8. અધુરી, અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં અને શરતી ટેન્ડર ઓફર કરનાર ટેન્ડર રદ્ બાતલ ગણવામાં આવશે.
9. ટેન્ડરમાં જણાવેલ શરતોનુ પાલન નહિ કરનાર પાર્ટીનુ ટેન્ડર/કરાર રદ્ કરવામાં આવશે.

# Technical Bid

## Section A: Tenderer General Information

| No. | Details | Description |
|---|---|---|
| 1 | Name of Company/Trust/ Institution/ Firm/ Agency/ Contractor | |
| 2 | Address of Company/Trust/ Institution/ Cooperative Institution/Agency/ Contractor | |
| 3 | Name and Address of Owner/ Trustee/Firm/ Management/ Partners/ Contractor | |
| | Phone/Fax No. | |
| | Mobile No. | |
| | E-mail ID | |
| | Website | |

## Section B: Primary Details

| Tender Process / Form Fee Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs.1,500/- |
| Date: | |

| EMD Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs.60,000/- |
| Date: | |

| Details of Declaration | Stamp No. | Date |
|---|---|---|
| Declaration is to be submitted on 50/- rupees Non Judicial Stamp Paper that the tenerer is not defaulter, never blacklisted by any Government institution or department and has no binding of any police case. | | |

## Section C: Various Registration Details of Tenderer

| No. | Detail | Numbers | Date |
|---|---|---|---|
| 1 | Year of Establishment | | |
| 2 | Registration No. | | |
| 3 | GST No. (Register with provide catering services) | | |
| 4 | Shops and Establishment Registration No. | | |
| 5 | PAN No. | | |
| 6 | Professional Tax No. | | |
| 7 | P.F. Registration No. | | |
| 8 | FSSAI No. | | |

## Section D: Details of work Completion (In Financial form)

| Sr. No. | Financial Year | Name of Client | Period of Service | Total work Completion Amount |
|---|---|---|---|---|
| 1 | 2016-17 | | | |
| 2 | 2017-18 | | | |

## Section E: Details of Financial Turnover, Profit and other.

| Sr. No. | Financial Year | Audited Accounts Y/N | Total Turn over Rs. | Net Profit Rs. | Income Tax paid Rs. | Total Capital Rs. |
|---|---|---|---|---|---|---|
| 1 | 2016-17 | | | | | |
| 2 | 2017-18 | | | | | |

## Section F: Details of experience

| No. | Name, Address and Contact No. of the Offices | Duration | Amount of Contract | Other details |
|---|---|---|---|---|
| 1. | | | | |
| 2. | | | | |
| 3. | | | | |
| 4. | | | | |
| 5. | | | | |

Note: The tenderer should obtain and provide the performance certificate for the above mentioned experience in the format given below.

## Performance Certificate

It is Certified that M/s. (Tenderer) _______________________ had provide Catering services to our Office/ Firm ________________________________________ for the premises located at _________________________ for the period from ______________ (date-to-date). The annual financial component of the Cattering work contract for the above said work is Rs.____________ (in words). The performance of the firm was / is satisfactory / good/ very good/ excellent.

Signature of the client (of the tenderer) with Seal of Client

# તાજો ખોરાક તૈયાર કરી પૂરો પાડવા માટે

# Financial Bid for Catering (with Material, Process & Services)

| Sr | Particulars | Rate Rs./ Paisa | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 50 Person | 120 Person | 250 Person | 500 Person | 1000 Person | More than 1000 Person |
| 1 | **Tea and Coffee** | | | | | | |
| | Tea (1 Cup) Full (Masala / Ginjer) (100 ML.) | | | | | | |
| | Coffee (1 Cup) Full (100 ML.) | | | | | | |
| 2 | **Snacks** | | | | | | |
| | Batata Poha (150 grm) / Khaman (150 gm) | | | | | | |
| | Upma/ Sev Khamni (200 gm) | | | | | | |
| | Idli / Medu Vada (200 gm) (Sambhar and Chatni should be given seprately) | | | | | | |
| | Khakhara (3 Nos.) / Cookies & Salt Biscuits (8 Nos.) | | | | | | |
| | Gotaa (Methi) / Daalwada / Mix Bhajiya (150 grm) (Chatni should be given sepratly) | | | | | | |
| | Vanela Ganthia/Fafda (100 gm) with Chatni | | | | | | |
| | Gulab Jamun (30 grm) | | | | | | |
| | Gulab Jamun (50 grm) | | | | | | |
| | Sandwich (Vegitable) | | | | | | |
| | Jalebi 4 piece (20 gm) | | | | | | |
| | Khasta Kachori (Big) Or<br>Samosa (Big) (One Nos.) with Chatni | | | | | | |
| | Cutlet (2 Nos.) Medium<br>(With Sauce & Chatni) | | | | | | |
| | Samosa (2 Nos.) Medium.<br>With Souce/ Chatni.<br>Penda (2 Nos.) / Kaju Katri (2 Nos.) | | | | | | |
| 3 | **Lunch/Dinner Menu 01** | | | | | | |
| | - Sweet – 01 (Shreekhand/ Ladu/ Basundi/ Mohanthal/ Lachko Halwa/ Mango (Kesar) Ras (Seasonal)<br>- Farsaan with Chatni – 01<br>- Fulka Roti (Wheat) (Tawa)/ | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | Tanduri Roti (Butter) / Butter Naan / Puri<br>- Kadhi / Daal / Daal Fry<br>- Plain Rice / Jeera Rice / Poolav (Mix Veg.)<br>- One Punjabi Sabji, One Kathol, Undhiyu (Winter) / Mixed vegetable (Other Season)<br>- Kachumbar/ Sambharo<br>- Masala Chaas, Udad Papad (Roasted) | | | | | | |
| 4 | **Lunch/Dinner Menu 02** | | | | | | |
| | As per Menu 01<br>(without Sweet and Farsan) | | | | | | |
| 5 | **Lunch/Dinner Menu 03** | | | | | | |
| | As per Menu 01<br>(With 02 Sweets and 02 Farsan) | | | | | | |
| 6 | **Lunch/Dinner Menu 04** | | | | | | |
| | As per Menu 01<br>(With 01 soup and 01 Ice Cream) | | | | | | |
| 7 | **Lunch/Dinner Menu 05** | | | | | | |
| | As per Menu 03<br>(With 01 soup and 01 Ice Cream) | | | | | | |
| 8 | **Lunch/Dinner Menu 06** | | | | | | |
| | Bajri Rotlo / Parotho (Tawa)<br>Ringan Olo, One Sabji (Veg.)<br>Salad/ Onion/ Papad<br>Kadhi, Khichdi, Fried Chilly, Stuffed Chilly<br>Ghee, Gudd, White Butter<br>One Sweet, One Farsan, ButterMilk | | | | | | |
| 9 | **Lunch/Dinner Menu 07 (Parcel Packing)** | | | | | | |
| | Thepla/ Puri (6 Nos/ 200 gm)<br>Suki Bhaji (150 gm)<br>Bundi Laadu (150 gm)<br>One Sabji<br>Tikhi Sev/ Mix Chavanu (100 gm)<br>Mineral Water Bottel (100 m.l) | | | | | | |
| 10 | **Working Lunch Menu 08 (Parcel Packing)** | | | | | | |
| | Roti (Wheat) (Tawa butter) (4 Nos)<br>Suki Bhaji / Sabji Mix Veg.(150 gm)<br>Plain Rice, Daal<br>One Roasted Papad | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 11 | **Ice Cream (Cup 100 m.l.)** | | | | | | |
| | Kesar Pista, Butter Scotch | | | | | | |
| 12 | **Working Lunch Menu 09 (Box Packing)** | | | | | | |
| | Sweet (One),<br>Sabaji (Paneer/ Punjabi)<br>Sabaji Mix Vegetable (150 grm),<br>Roti- Tawa (wheat) 05 nos.,<br>Rice and Dal, Farsan (One),<br>Salad, butter milk | | | | | | |
| | As per manu No.09<br>(without Sweet and farsan) | | | | | | |

**પરિશિષ્ટઃ ૦૯**

## કેટરીગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવા અંતર્ગત કરારનામાં

(આ નમૂનારૂપ કરારનામાં છે, જેઓના ભાવ નિયત થશે તેઓ સાથે આ મુજબ કરારનામાં કરવામાં આવશે. કરારનામાંની શરતોમાં આવશ્યક ફેરફાર, શરતોમાં કમી કે ઉમેરો યુનિવર્સિટીની સત્તાને આધિન રહેશે.)

આથી આજ–રોજ તા. ....................................ના રોજ .............................................. મુકામે અમો કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ કે જેને હવે પછી સક્ષમ સત્તા/ યુનિવર્સિટી તરીકે ઉલ્લેખ કરવામાં આવશે તે અને .................................................................................................. કે હવે પછી તેમને એજન્સી/ટેન્ડરરર તરીકે ઉલ્લેખ કરવામાં આવશે તેઓની વચ્ચે આથી કરાર કરવામાં આવે છે.

આ કરાર એજન્સી/ ટેન્ડરરર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તાબા હેઠળના સરખેજ–ગાંધીનગર હાઈ વે, છારોડી, અમદાવાદના તથા યુનિવર્સીટી જણાવે તે મુજબના અમદાવાદ, ગાંધીનગર ખાતે કેટરીગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવા માટે કરવામાં આવે છે.

### શરતો

૧) ટેન્ડર કામગીરી સામે મંજૂર થયેલા દર વન ટાઈમના રહેશે. જેથી કરારના સમયગાળા દરમ્યાન તેમજ મુદ્દત લંબાવ્યાના કિસ્સામાં મંજૂર થયેલ દરમાં ઉપરાંત કોઈપણ ભાવ વધારો મળવાપાત્ર રહેશે નહિ કે અન્ય કોઈ ટેક્ષ વધારા–ઘટાડો લાગુ પાડી શકાશે નહિ.

૨) આ કરાર બિન–તબદીલપાત્ર છે જેથી ટેન્ડરરર તરીકે સામેલ થઈ નિયુકત થયેલ પાર્ટી તરીકે પેટા એજન્સી રોકી શકશુ નહિ કે આવી કોઈ પેટા એજન્સીને સેવાઓ પૂરી પાડવાનુ કામ તબદીલ કરી શકશુ નહિ.

૩) કોઈપણ વ્યકિત/ઓ કે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોય અથવા આ યુનિવર્સિટીના કર્મચારી હોય તે / તેવાઓ એજન્સી સાથે ભાગીદારી રીતે કે સીધા કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે સંકળાયેલ હશે તેવી બાબત યુનિવર્સિટીના ધ્યાન ઉપર આવશે તો તાત્કાલીક અસરથી આ ટેન્ડર રદ્દ બાતલ ગણી સિકયુરીટી ડિપોઝીટ જપ્ત લેવામાં આવશે.

૪) કાયદાકીય જોગવાઈ અનુસાર ટેન્ડર સામેની કામગીરી અર્થે 18 વર્ષથી ઓછી ઉમરના અને બાળ કામદારો રોકી શકાશે નહિ. તે પ્રમાણે કેટરીગ સેવાઓ સ્વચ્છતા સાથે સંકળાયેલ હોઈ રોગીષ્ટ કે નાદુરસ્ત વ્યકિતઓ રાખી શકાશે નહિ. આવી કોઈ બાબત ધ્યાન ઉપર આવશે તો યુનિવર્સિટી નકકી કરે તે દંડ ભરવાનો રહેશે.

૫) ટેન્ડરરરના સ્ટાફે યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ અને સ્ટાફ ગણ સાથે, વાણી– વર્તુણકમાં વિન્રમતા અને શિસ્ત રાખવાની રહેશે..

૬) ટેન્ડરરર દ્વારા પૂરી પાડવામાં આવનાર સેવાઓ માટે એક અધિકૃત સુપરવાઈઝર/ પ્રતિનિધિ નિમવાનો રહેશે. યુનિવર્સિટી ખાતેના તે ટેન્ડરરર તરફના અધિકૃત પ્રતિનિધિ ગણાશે અને તે યુનિવર્સિટી અને ટેન્ડરરર વચ્ચે કોમ્યુનિકેશનની કામગીરી કરશે. આ પ્રતિનિધિનુ નામ, સરનામુ, સંપર્ક નંબર અત્રે અચૂક આપવાના રહેશે. યુનિવર્સિટી તરફથી તમામ સૂચનાઓ સુપરવાઈઝર/ પ્રતિનિધિને આપવામાં આવશે.

૭) કેટરીગ સેવાઓ માટે જરૂરી તમામ સાધન સામગ્રી, યંત્રો, ઓજારો, માનવ સંસાધન વગેરે ટેન્ડરરરે પોતાની રીતે, ખર્ચે અને જોખમે લાવવાના રહેશે તે માટે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

૮) કાર્યક્રમ દરમ્યાન જરૂર પડયે આકસ્મિક સંજાગોમાં કેટરીગની વધારાની કામગીરી/ સેવા આપવા માટેની જવાબદારી ટેન્ડરરરની રહેશે.

૯) ટેન્ડરરરને કેટરીગ કામગીરી માટેની જરૂરી વિજળી અને રસોઈ તૈયાર કરવા પાણી યુનિવર્સિટી તરફથી પૂરા પાડવામા આવશે પણ કામગીરી કરવા માટેના સાધનો, ઉપકરણો, તેના ફીટીગ્સ વગેરે ટેન્ડરરરે જ કરાવવાના રહેશે.

૧૦) કેટરીગ કામગીરી માટે આવશ્યક રસોયા, લંચ, ડિનર સેવાઓ માટેના ડ્રેસ કોડ સાથેના સર્વિસ મેન, મજુર, રસોઈ માટેના વાસણો, ગેસ–ચુલા, સર્વિસ માટેના વાસણો, ભોજન પીરસવા માટેના કાઉન્ટર ટેબલ, ટેબલ કલોથ, ટી સેટ, ડિનર સેટ (મેલામાઈન), પેપર નેપકીન, પ્લાસ્ટીકના ગ્લાસ, પાણીની નળી અને અન્ય આનુષાંગીક વ્યવસ્થા કેટરરર દ્વારા કરવામાં આવશે.

૧૧) કેટરર્સે યુનિવર્સિટીની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. યુનિવર્સિટી દ્વારા મેન્યુ, કેટરીગ સેવા પૂરી પાડવાના સમય, ભોજન–નાસ્તાની ગુણવતા, ચોખ્ખાઈ, વગેરેની ચકાસણી કરવામાં આવશે જે માટે પાર્ટી ઈન્કાર કરી શકશે નહિ. સામગ્રીની ચકાસણીમાં કોઈપણ પ્રકારની અયોગ્યતા માલુમ પડશે તો યુનિવર્સિટી ઓથોરીટી નકકી કરે તે દંડ ભરપાઈ કરવાના રહેશે.

૧૨) લંચ/ ડિનર નાસ્તા માટે યુનિવર્સિટી દ્વારા **મંજુર કરેલ ટેન્ડરનું મેનુ**માંથી સૂચવે તે બનાવવાના રહેશે.

૧૩) કેટરર્સ દ્વારા લંચ, ડીનર અને નાસ્તા માટે તાજાં અને ખાદ્ય શાકભાજી, ફળ, બ્રેડ, લોટ, મીઠાઈ અને અન્ય સામગ્રી ઉચ્ચ ગુણવતાવાળી તથા બ્રાંન્ડેડ મસાલાનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ રસોઈમાં ઉચ્ચ પ્રકારની ગુણવતા અને ચોખ્ખાઈ રાખવાની રહેશે. **ઘી માંથી બનતી** મીઠાઈમાં શુધ્ધ દેશી ઘી નો જ ઉપયોગ કરવાનો રહેશે.

૧૪) કેટરર્સ દ્વારા રોકવામાં આવનાર રસોયા, મજુર અને સેવાકીય સ્ટાફ નહાયેલા, સ્વચ્છ કપડામાં હોવા આવશ્યક રહેશે.. કેટરીગ સ્ટાફ બીડી, પાન–મસાલા, ગુટખા, શરાબ અન્ય નશાકીય સામગ્રી વગેરેનો ઉપયોગ યુનિવર્સિટી કેમ્પસમાં કરી શકાશે નહિ અને જો આ પ્રકારની ગેરરીતી આચરશે તો યુનિવર્સિટી દ્વારા નકકી થાય તે દંડ કેટરર્સે ભરવાનો રહેશે.

૧૫) રસોઈ/ નાસ્તા પીરસવા રોકવામાં આવનાર સ્ટાફ માથામાં પ્લાસ્ટીક કેપ, હાથ–મોજા, એપ્રોન અને બુટ સાથે સેવા બજાવશે.

૧૬) કેટરર દ્વારા તૈયાર કરી પૂરા પાડવામાં આવનાર ભોજન, નાસ્તા, ચા–કોફી વગેરે થકી ફુડ પોઈઝન થશે તો તે અંગેની કાયદાકીય અને અન્ય જવાબદારી સેવાઓ આપનારની રહેશે તેમજ તેના માટે યુનિવર્સિટીની ઓથોરીટી નકકી કરે તે કાયદાકીય પગલા અને પેનલ્ટી લઈ શકાશે.

૧૭) કેટરીગની સેવાઓ દરમ્યાન કેટરર ફર્મના કે તેઓના સ્ટાફ દ્વારા યુનિવર્સિટીની માલ–મિલ્કતને કોઈપણ પ્રકારના નુકશાન ન થાય તેની તકેદારી રાખવામાં આવશે.

૧૮) કેટરીગ સેવાઓ બાદ વણ વપરાયેલ ભોજન, નાસ્તા તથા ભોજન બાદ એકઠા થયેલ એંઠવાડનો યુનિવર્સિટી કેમ્પસમાં નિકાલ / નાશ કરી શકાશે નહી. તેમજ કેમ્પસની બહાર પણ નિયત થયેલ સ્થાને નિકાલ કરવાની જવાબદારી કેટરીગ સેવા પૂરી પાડનાર ફર્મની રહેશે. રસોડુ તથા જમણવારની જગા સંપૂર્ણ સ્વચ્છ કરી આપવાની રહેશે.

૧૯) લંચ, ડિનર અને નાસ્તા માટેની સંખ્યા યુનિવર્સિટી દ્વારા નકકી કરી લેખીત ઓર્ડરના સ્વરૂપમાં આપવામાં આવશે. આ સંખ્યામાં વધ–ઘટ થઈ શકશે. જે મુજબની સેવાઓ આપવાની રહેશે. ચૂકવણાં માટે ખરેખર થયેલ સંખ્યા ગણતરીમાં લેવાશે.

૨૦) યુનિવર્સિટીને કેટરીગની સેવાઓ તેના નિયત સમય પહેલા તેમજ સેવાઓની ગુણવતા યોગ્ય નહિ જણાય કામ રદ્ કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. જેની નુકશાની માટે કોઈ રકમ ભરપાઈ કરવામાં આવશે નહિ કે કાયદાકીય દાવો પણ કરી શકાશે નહી.

૨૧) ગુજરાત ફુડ સેફટી નિયમ તથા આ સેવાઓ અન્વયે અન્ય સંબધિત નિયમ હેઠળની જોગવાઈ મુજબ જે કોઈ જવાબદારી થતી હશે તે કેટરીગ સેવાઓનો ભાગ ગણાશે. તે પ્રમાણે ફર્મના કોઈપણ સંવર્ગના સ્ટાફની સુરક્ષા તથા લેબર કાયદા હેઠળ કાયદાકીય જવાબદારી, ફરજ અને પૂર્તતાની જવાબદારી પણ કેટરર્સની રહેશે.

૨૨) કેટરીગની સેવાઓ પૂરી પાડવા સામે કોઈપણ પ્રકારની એડવાન્સ રકમ ચૂકવવામાં આવશે નહિ.

૨૩) યુનિવર્સિટીની સુરક્ષાના હેતુસર કે જરૂરીયાત અનુસાર કેટરીગના સ્થળ વ્યવસ્થા બદલવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તેમ કરવા ટેન્ડરર બંધાયેલ રહેશે.

૨૪) ટેન્ડરર કામગીરીના ભાગરૂપે મૂકવામાં આવનાર કામદારો/સેવકો/રસોયા વગેરેને કામગીરી દરમ્યાન કે અન્ય કોઈપણ રીતે યુનિવર્સિટી કેમ્પસમાં કે કેમ્પસની બહાર બિમાર પડે, અકસ્માત કે ઈજા થાય, અશકત બને, મૃત્યુ પામે તો તે અંગેની તે સંબધિત ફોજદારી કે કોર્ટ કાર્યવાહી થાય તે સઘળી જવાબદારી ટેન્ડરરની રહેશે. આ માટે કાયદેસરના વળતર ચૂકવવાની જવાબદારી ફકત ટેન્ડરરના શીરે રહેશે.

૨૫) જે–તે કાર્યક્રમ અનુસંધાને કેટરીગની સેવાઓ પૂરી પાડયા બાદ કામગીરીના બીલ દિનઃ૫ (પાંચ)માં ખરેખર થયેલ સંખ્યા મુજબ, આ યુનિવર્સિટીના નામજોગ બે નકલમાં રજૂ કરવાના રહેશે.

૨૬) સામાન્ય સંજોગોમાં બીલ સામેના રકમની ચૂકવણી બીલ રજૂ કર્યાના દિવસ 15 (પંદર) બાદ એકાઉન્ટ પે ચેકથી કરવામાં આવશે. બીલના રકમની ચૂકવણીમાંથી નિયમોનુસારના ટેક્ષ કપાત કરવામાં આવશે. સરકારશ્રીના પ્રવર્તમાન ધારા–ધોરણ મુજબ ભરવાના થતાં જી.એસ.ટી. તથા અન્ય તમામ કર/ ઉપકર ભરવાની જવાબદારી ટેન્ડરરના શીરે રહેશે.

૨૭) યુનિવર્સિટીને કોઈપણ તબકકે કેટરીગની સેવાઓ ખામી ભરેલી, અયોગ્ય જણાશે અને નકકી થયા મુજબ પધ્ધતિ મુજબ કામગીરી સામે અસંતોષ હશે તો સિકયુરીટી ડિપોઝીટ જપ્ત લઈ સેવાઓ સમાપ્ત કરવામાં આવશે. જેના માટે એક માસની લેખિત નોટીસ આપવામાં આવશે. ટેન્ડરરને આ કારણે થયેલ આર્થિક કે અન્ય કોઈપણ નુકશાન, મુશ્કેલી માટે યુનિવર્સિટી કોઈપણ રીતે જવાબદાર રહેશે નહિ. તેમજ આ કારણે કાયદાકીય દાવો કરી શકાશે નહિ.

૨૮) કરારનામાંની કોઈપણ શરતના ભંગ બદલ સિકયુરીટી ડિપોઝીટ પેટે જમા કરાવેલ રકમમાંથી યુનિવર્સિટીને યોગ્ય જણાય તેટલી અથવા પૂરેપૂરી ડિપોઝીટ જપ્ત કરી શકાશે. જેટલી રકમ જપ્ત થઈ હોય તેટલી જ રકમ ટેન્ડરરે તુરંત જમા કરાવવાની રહેશે.

૨૯) ટેન્ડરના કાર્યકાળ દરમ્યાન પાર્ટી સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય અને યુનિવર્સિટીને વૈકિલ્પક, અન્ય વ્યવસ્થા કરવી પડે તો તે અંગે થનાર સમગ્ર ખર્ચ ટેન્ડરર એજન્સી પાસે વસુલ કરવામાં આવશે. આ અંગે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

૩૦) આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/ યુનિવર્સિટી ટેન્ડરરને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ્દ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહિ.

૩૧) ટેન્ડર અન્વયે કરવામાં આવેલ આ કરારનામા મા આવશકયતા અનુસાર ભવિષ્યમાં કોઈ શરત ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવાની સત્તા યુનિવર્સિટીને રહેશે. જે ટેન્ડરર પાર્ટીને બંધનકર્તા રહેશે.

૩૨) સદર કરવામા આવેલા કરાર અંગેના કોઈપણ વિવાદ બાબતે Subject to Ahmedabad Jurisdiction રહેશે.

ટેન્ડર અંતર્ગત કેટરીગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવાની કામગીરી સબબ આ કરાર અમો બન્ને પક્ષોને કબુલ, મંજૂર અને બંધનકર્તા છે. ઉપરોકત તમામ શરતો વાંચી અને તેના અર્થઘટન સમજીને બિનકેફ હાલતમાં, કોઈપણ દબાણ વગર તેની સાબિતી રૂપે નીચે જણાવેલ સાક્ષીઓ રૂબરૂમાં સહી કરી આપેલ છે.

સ્થળ:
તારીખ:

| | |
|---|---|
| ૧) ........................................................................ | ૨) ........................................................................ |
| યુનિવસિટીના અધિકારીના હોદ્દા/ સહી અને સિકકા | ટેન્ડરર એજન્સીનુ નામ/ અધિકૃત પ્રતિનિધિનુ નામ/ હોદ્દો/ એજન્સીના સિકકા અને સહી |

સાક્ષીઓની સહી:
૧) ........................................................................
( )
૨) ........................................................................
( )

# બાહેંધરી પત્રક

આથી અમો ટેન્ડરર એજન્સી ..................................................................................................................................

કેટરીંગ, લંચ, ડિનર, ચા અને નાસ્તાની સેવાઓ પૂરી પાડવાના યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ઈ–ટેન્ડરના પરિશિષ્ટ: ૦૧ થી પરિશિષ્ટ: ૦૯માં સમાવિષ્ટ તમામ શરતો/ બોલીઓ / સૂચનાઓ/ કરારના નિયમો, કામગીરીની પધ્ધતિ, પૂરી પાડવાની સેવાઓ તમામ મે/ અમોએ વાંચેલ છે તેને હું/ અમો બરોબર સમજયા છે, તમામ વિગતોથી હું/ અમો માહિતીગાર થયા છે અને સ્વિકારીએ છીએ.

હું/ અમોને આ કામગીરી કરવા માટે અમારી જવાબદારીઓ અને પૂરી પાડવાની ફરજોની જાણ થયેલ છે અને સ્વિકાર કરીએ છીએ. તેમજ તેના ભંગ બદલ યુનિવર્સિટી તરફથી/ અન્ય રાહે લેવાનાર પગલાઓ સામે પૂર્તતા કરવા હું / અમોએ તે ભરપાઈ કરવા બંધાયેલ છીએ. આ સાથે સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈ પણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વિકાર કરૂ છુ/ કરીએ છીએ.

સ્થળ : ટેન્ડરરનુ નામ, સહી/કંપનીના સિકકા

તારીખ :